




વરસાદ આવતાં જ નગરમાં પાણી ભરાઈ જવા સાથે ઠેર ઠેર ભુવા પડવાની ફરિયાદો પણ મળે છે. એમાં ય તંત્ર દ્વારા જ્યાં વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર પાઈપ નાખવાના કામો કર્યા છે ત્યાં પુરાણ કામ કાળજી પૂર્વક ન થવાથી આ થોડા વરસાદમાં જ ભૂવાઓ પડી જવાથી નગરજનોને ભારે હાલાકી વેઠવી પડે છે અને ગંભીર અકસ્માતનો ભય સર્જાય છે. સાથેની તસવીરો આ ફરિયાદનો બોલતો પુરાવો છે.. આ તસવીરો સેકટર ૪ ની છે. જ્યાં ૧૩૫ મીટરના રહેણાંકના મકાનો છે એ રીંગ રોડ ઉપર ઘરોનીસમે જ બહાર નીકળવાના માર્ગ ઉપર જ ભવા પડી ગયા છે. લોકોની મુશ્કેલી અને અકસ્માત નિવારવા કોર્પોરેશન તાકી દે પુરાણ ની કામગીરી કરાવે એવી પ્રજાજનોની લાગણી ને માગણી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**આમ તો હુ સારા પતિ મેળવવા વ્રત ન કરું, પણ ઘરે પપ્પાને જોઈને એવું થયું કે... કરવું તો પડશે જ...!!**

# સિવિલમાં કોરોનાગ્રસ્ત મહિલાની સફળ પ્રસૃતિ કરાવાઈ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસ વધતા સિવિલમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે. ત્યારે છેલ્લા કેટલાક મહિનાથી કોરોનાને પગલે સિવિલમાં સામાન્ય દર્દીઓના ઓપરેશન કરવામાં આવે છે. ત્યારે સિવિલમાં કોરોના પોઝીટીવ દર્દીનું ઓપરેશન કરાયુ હોય તેવી પ્રથમ ઘટના છે. ત્યારે તાજેતરમાં માણસાની ૨૫ વર્ષિય સગર્ભા ને કોરોના પોઝીટીવ આવ્યો હતો. ત્યારે આ મહિલાની સિનિયર રેસીડન્ટ ડોકટર દ્વારા સફળ પ્રસુતી કરાવાઈ છે. જેમાં બાળકીનો જન્મ થયો છે. ત્યારે તંત્ર દ્વારા બાળકીનું પણ સેમ્પલ લઈ ટેસ્ટ માટે મોકલવામાં આવશે.

મળતી માહિતી મુજબ કોરોના એ ગાંધીનગર શહેર-જિલ્લામાં કોહરામ મચાવ્યો છે. ગાંધીનગરમાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો હજારને પાર કરી ગયો છે. ત્યારે પ્રારંભિક તબક્કાથી જ ગાંધીનગર સિવિલ હોસ્પિલને કોવીડ હોસ્પિટલ તરીકે તૈયાર કરાઈ છે. કોવીડ હોસ્પિટલમાં હાલના સમયે કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે સામાન્ય દર્દીઓના ઓપરેશન તો કરવામાં આવે છે. પરંતુ ગાંધીનગર સિવિલમાં પ્રથમવાર કોરોના પોઝીટીવ સગર્ભા મહિલાનું સિઝેરીયન કરવામાં આવ્યું હતું. માણસાની મહિલાએ બાળકીને જન્મ આપ્યો હતો. બાળકીનું પણ સેમ્પલ લઈને રીપોર્ટ કરવામાં આવશે. જયારે બે દિવસ પહેલા જ દહેગામની એક કોરોના પોઝીટીવ સગર્ભાને નોર્મલ ડીલીવરી થઈ હતી. આ મહિલાએ બાળકને જન્મ આપ્યો છે. જયારે આ બાળકનું પણ સેમ્પલ લઈ ટેસ્ટ માટે મોકલાશે. કોરોનાગ્રસ્ત મહિલાના સિઝેરીયન સિનિયર રેસીડન્ટ ડોકટર દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાટનગરની સ્થાપના માટે જમીન આપનાર અસરગ્રસ્તોને ન્યાય ક્યારે ?

ગાંધીનગર, તા. ૧૭

તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકાનો વ્યાપ વધારવામાં આવ્યો છે અને તેમાં વધુ નવા ૧૮ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે પાટનગરની સ્થાપનામાં સૌથી પહેલા જે છ ગામોને સમાવાયાં હતા અને તે ગામના ખેડૂતોએ તેમની જમીનો આપી હતી તેમને આજે સાડા પાંચ દાયકા જેટલો સમય વીતવા છતાં હજુ પણ ન્યાય મળ્યો નથી. આ અસરગ્રસ્તોના નામ હજુ મિલ્કતવેરાના ચોપડે ચઢ્યાં નથી અને તેઓ માત્ર કબ્જેદાર તરીકે ભોગવટો કરી રહ્યાં છે.

પાટનગરની સ્થાપના માટે ઈન્દ્રોડા, આદિવાડા, બોરીજ, પાલજ, બાસણ અને ધોળાકુવા જેવા છ ગામો ઉપરાંત વાવોલનું પરૂ હતુ તે ફતેપુરાનો પણ સમાવેશ કરી લેવામાં આવ્યો હતો.

આ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોએ પોતાની મહા મોંઘી મૂડી સમાન જમીન સરકારને પાટનગર વિકસાવવા સસ્તા ભાવે આપી દીધી હતી પરંતુ ગાંધીનગરની સ્થાપનાને આશરે સાડા પાંચ દાયકા જેટલો સમય વીતવા છતાં પણ આ અસરગ્રસ્ત ખેડૂતોને તેમની સ્થાવર મિલ્કતો તેમના નામે ચઢી શકી નથી. આ પૈકી કેટલાંક ખેડૂતોની તો ચોથી પેઢી ઉછરી રહી છે પરંતુ હજુ પણ તેઓ પોતાના અધિકારથી વંચિત છે અને તેમના વાડાની જમીનો, ગૌચર વગેરે સુદ્ધાં સરકારી ચોપડે ચડાવવા તેઓ વલખા મારી રહ્યાં છે. તાજેતરમાં સરકાર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકામાં વધુ ૧૮ ગામોને સમાવવાનો ઠરાવ કરવામાં આવ્યો છે પરંતુ પાટનગરના અસરગ્રસ્તો ન્યાય મળે તેની વાટ જોઈ રહ્યાં છે. હજુ ગત વર્ષે જ બોરીજમાં જેમના મકાનો તોડી પાડવામાં આવ્યાં તેના અસરગ્રસ્તોને પણ નવા મકાનો કે વૈકલ્પિક વ્યવસ્થા તંત્ર પુરૂ પાડી શક્યુ નથી. જે ગામના ખેડૂતોની જમીન પર પાટનગર વિકસાવાયું છે તે ગામોના ગૌચર સુદ્ધાં સરકારી ચોપડેથી ગાયબ છે ત્યારે આ ખેડૂતોને ન્યાય મળ્યાં વગર શહેરનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે જે કેટલે અંશે યોગ્ય લેખાશે તેવો પ્રશ્ન અસરગ્રસ્તોના મનમાં ઘુમરાઈ રહ્યો છે.

# બસમાં બેઠેલા મુસાફરના થેલામાંથી ૨૪ બોટલ દારૂ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૭

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા નજીક નાકા પોઈન્ટ પરથી ખાનગી ટ્રાવેલ્સની બસમાં મુસાફરી કરી રહેલા મુસાફર પાસેથી ૨૪ બોટલ વિદેશી દારુની મળી આવી છે. ચંદ્રાલા નાકા પોઈન્ટ પર હાજર પોલીસ કર્મચારીઓએ બસમાં ચેકીંગ કરતા મહેન્દ્રસિંહ લલિતસિંહ ચૌહાણ (ઉં.૩૧ ઉદેપુર), નામના મુસાફરના થેલામાંથી દારુની ૨૪ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે રૂ.૩૭,૧૪૩ ની કિંમતનો દારુ, એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૪૭,૧૪૩ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આરોપી સામે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં વરસાદ બે ઈંચ જેટલો ખાબકતાં જ ઠેર ઠેર પડેલા ભુવાઓના પુરાણમાં પણ અધકચરૂ કામ થતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- માણસા તાલુકાના આરોગ્ય અધિકારી ડૉ. બિનાબેન પટેલનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલ ખસેડાયા.
- સંદેશ દૈનિકની ગાંધીનગર આવૃત્તિના રિપોર્ટર રાજેન્દ્રસિંહ વાઘેલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર નજીક ગુજરાત ટેકનોલોજી યુનિ.ને ૧૦૦ એકર જમીન વિના મૂલ્યે ફાળવવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવેલા ૧૮ ગામના સરપંચો આજે ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો લઈ મેયરને રજુઆત કરી હતી.
- ગાંધીનગર શહેરમાં વરસાદી પાણી ઠેર ઠેર ભરાતાં વાહકજન્ય રોગચાળો થવાનો ભય લોકોને સતાવી રહ્યો છે.
- જિલ્લા પંચાયતના પાંચ નાયબ ચીટનીસ સંવર્ગના અધિકારીઓ આજથી બે માસ માટે પૂર્વ સેવા તાલિમ માટે જૂનાગઢ જશે.

# એકટીવા ચાલક સ્લીપ ખાઈ જતા યુવકને ગંભીર ઈજા

ગાંધીનગર શહેરના ખ-૫ પાસે એક એકટીવા ચાલક સ્લીપ ખાઈ જતા યુવક અચાનક માર્ગ પર પટકાયો હતો. જેમાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

